દાખલ તારીખ : ૧૧–૦૬–૨૦૨૦
રજી. તારીખ : ૧૧–૦૬–૨૦૨૦
ફેસલ તારીખ : ૦૮–૦૪–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

સત્યમેવ જયતે

**ધોરાજીના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મું. ધોરાજી.**

**ફોજ. કે. નં.૧૧૨૪/૨૦૨૧**

**આંક–**

ફરીયાદી – શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઓઃ–
૧. બોઘાભાઇ રામાભાઇ શામળા
રહે. ભાદર ડેમ,ધોરાજી.
૨. પુંજાભાઇ મેરાભાઇ શામળા
રહે.ગાંધીગ્રામ, લીરબાઇ પરા,જુનાગઢ.
૩. રાહુલભાઇ રાણાભાઇ ચાવડા
રહે.ગળોદર,તા.માળીયાહાટીના,
જી.ગીરસોમનાથ.

**ગુન્હો– પ્રોહી. એકટની કલમ–૬૫(ઇ), ૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબ.**

---

ફરીયાદપક્ષે – વિ.એ.પી.પી.શ્રી જે. વી. જોષી.
આરોપીપક્ષે – વિ.વ.શ્રી વી.એ.રાઠોડ

---

**// ઠ રા વ //**

**૧.** ફરીયાદપક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, ગઈ તા.૨૫/૬/૨૦૨૫ ના રોજ કલાક–૧.૧૫ વાગ્યા દરમિયાન મોજે ભાદર નદીના કાંઠે કેનાલ પાસે આવેલ વીડીમાં, ધોરાજી ખાતે ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર આરોપી નં.૧ ના હવાલાવાળા મો.સા.માં ભારતીય બનાવટની પરપ્રાતીંય

ઇંગ્લીશ દારૂની એપીસોડ કલાસીક વ્હીસ્કી બ્રાંડની ૭૫૦ એમ.એલ. ની કંપની સીલ પેક બોટલ નંગ-૫૬ જેની કિ.રૂા.૧૬,૮૦૦/- તથા મો.સા. કિ.રૂા.૧૫,૦૦૦/- મળી કુલ રકમ રૂા.૩૧,૮૦૦/- ના મુદ્દામાલ સાથે હેરાફેરી કરી તથા ભારતીય બનાવટની પરપ્રાતીંય ઇંગ્લીશ દારૂની એપીસોડ કલાસીક વ્હીસ્કી બ્રાંડની ૭૫૦ એમ.એલ.ની શીલ પેક બોટલ નંગ-૯૧, કિ.રૂા.૨૭,૯૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી ગુન્હો કર્યાનો આક્ષેપ છે. જે સંબંધે શ્રી પો.કોન્સ. અનિરૂદ્ધસિંહ સુરૂભા ઝાલા નાએ ફરીયાદ કરતાં જે ફરીયાદ ધોરાજી પો.સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૧૩૦૧૦૨૦૦૭૪૦/૨૦૨૦ થી તા.૨૫.૬.૨૦૨૦ ના રોજ નોંધેલ છે.

ઉપરોકત ફરીયાદ હકીકત રજીસ્ટરે લઈ, ફરીયાદને તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલ. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ તથા જરૂરી કાર્યવાહીના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ જે ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લઈ ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલ છે.

૨. ત્યારબાદ આ કામના આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી કરતા આરોપીઓ હાજર થતાં જેઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યાની ખાતરી થતા સી.આર.પી.સી.ની કલમ-૨૪૦ની જોગવાઈ ધ્યાને રાખી આ કામના આરોપી ઉપર તહોમતનામું આંક-૪૨ થી ફરમાવી અને તહોમતનામાના અનુસંધાનમાં આંક-૪૩ થી આંક-૪૫ સુધી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓએ ગુન્હાનો ઇન્કાર કરેલ છે જેથી આરોપી સામેની ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલો.

3. ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક

પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવોઃ–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ સીરાજભાઇ હારૂનભાઇ ચૌહાણની સોગંદ ઉપરની જુબાની | ૪૬ |
| ૨ | ત.ક.અ. રમેશભાઇ કાળાભાઇ બોદરની સોગંદ ઉપરની જુબાની | ૪૯ |
| ૩ | ફરિયાદી અનિરૂદ્ધસિંહ સુરૂભા ઝાલાની સોગંદ ઉપરની જુબાની | ૫૫ |
| ૪ | પંચસાહેદ કૌશલભાઇ નલીનભાઇ કારેલીયાની સોગંદ ઉપરની જુબાની | ૫૭ |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામાઓ | ૪૭,૪૮ |
| ૨ | એફ.આઇ.આર. | ૫૬ |

**૪.** ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીનો ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વધુ જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુનો કર્યાનો ઈનકાર કરેલ છે. વધુમાં આરોપીઓએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે તેમજ વિશેષમાં ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

**૫.** ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવો વિગેરે ધ્યાને લઈ આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,તા.૨૫/૬/૨૦૨૫ ના રોજ કલાક–૧.૧૫ વાગ્યા દરમિયાન મોજે ભાદર નદીના કાંઠે કેનાલ પાસે આવેલ વીડીમાં, ધોરાજી ખાતે ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે

આધાર વગર આરોપી નં.૧ ના હવાલાવાળા મો.સા.માં ભારતીય બનાવટની પરપ્રાતીંય ઇંગ્લીશ દારૂની એપીસોડ કલાસીક વ્હીસ્કી બ્રાંડની ૭૫૦ એમ.એલ. ની કંપની સીલ પેક બોટલ નંગ–૫૬ જેની કિ.રૂા.૧૬,૮૦૦/– તથા મો.સા. કિ.રૂા.૧૫,૦૦૦/– મળી કુલ રકમ રૂા.૩૧,૮૦૦/– ના મુદ્દામાલ સાથે હેરાફેરી કરી તથા ભારતીય બનાવટની પરપ્રાતીંય ઇંગ્લીશ દારૂની એપીસોડ કલાસીક વ્હીસ્કી બ્રાંડની ૭૫૦ એમ.એલ.ની શીલ પેક બોટલ નંગ–૯૧, કિ.રૂા.૨૭,૯૦૦/–ના મુદ્દામાલ સાથે મળી આવી, ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ),૧૧૬(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**૬.** મારા જવાબ નીચે મુજબ છેઃ–

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## <u>–:કા ર ણો:–</u>

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચાઃ–</u>**

**૭.** આ કામે આરોપીઓ વિરૂધ્ધ જે ગુન્હા સબબનો આક્ષેપ કરવામાં આવેલ છે તે ગુન્હા સબબની જોગવાઈઓ અને તેના આવશ્યક તત્વોને તથા ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તેવા પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવાનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

૮. ફરિયાદપક્ષે આ કામે આંક–૪૯ થી ત.ક.અ. રમેશભાઇ કાળાભાઈ બોદરને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૩૧.૫.૨૦૨૫ ના રોજ

તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ કલાક ૦૦-૦૦ વાગ્યાથી પો.સ્ટે. તાબાબના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ધોરાજી નેશનલ હાઈવે રોડ પાણીના ટાકા પાસે આવેલ વેલનાથ હોટલ પાસે આવતા અગાઉ ઇંગ્લીશ દારૂના ગુન્હામાં પકડાયેલ બોઘા રામા શામળા તેને હવાલાવાલુ મોટરસાયકલ લઈ શંકાસ્પદ હીલચાલ કરતો હોય જેથી તેની વોચમાં રહેતા તેનો પીછો કરતા તે રોયલ સ્કુલ પાસે આવેલ કેનાલ વાળા રસ્તે જતો હોય અને કેનાલથી ડાબી બાજુ સામે કાંઠે આવેલ વીડીમાં તેનુ મો.સા. લઈને જતો હોય તેની પાછલ જતા મજકુર બોઘાભાઈને શંકા જતા તે તેઓને ઓળખી ગયેલ અને વીડીમાં પોતાનુ મો.સા.ની લાઇટ બંધ કરી મો.સા. મુકીને વીડીમાં જતો રહેલ બાદ તેઓએ તેની રાજ જોતા તે વીડીમાંથી પાછો ન આવતા તેનો મો.સા. પાસે જઈ ટોર્ચ લાઇટના અજવાળે જોતા મો.સા.ની બાજુમાં જોતા સફેદ પુઠાના બોક્ષ પડેલ હોય જેમાં ચેક કરતા ભારતીય બનાવટની પરપ્રાતીંય ઇંગ્લીશ દારૂની સીલપેક બોટલો જોવામાં આવતા તુરત જ બે રાહદારી માણસોને પંચ તરીકે બોલાવી પંચો રૂબરૂ બોક્ષ ગણતા તે નંગ-૫ હોય જે બધા બોક્ષ ખોલી અંદર જોતા ૪ બોક્ષમાં કુલ-૪૮ નંગ કાચની સીલપેક બોટલો હોય જે બોક્ષમાં કુલ-૮ બોટલો હોય જે તમામ એકસરખી હોય તેમાં એક બોટલ બહાર કાઢી પંચો રૂબરૂ જોતા ભારતીય બનાવટની પરપ્રાતીંય ઇંગ્લીશ દારૂની સીલપેક હોય જે એક બોટલની કિ.રૂા.૩૦૦/- ગણી પંચોની સહી વાળી કાપલી લગાડી લાખ દોરાથી પો.ઈ.ધોરાજીના હોદ્દાનુ સીલ કરી કેમકલ તપાસણી અર્થે કબજે કરેલ અને બાકીના બોટલો નંગ-૫૫ કિ.રૂા.૧૬,૫૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ તથા મો.સા. જોતા કાળા કલરનુ લાલ પટ્ટાવાળુ હિરો હોન્ડા જેના રજી.નં.જીજે.૩.ડી. એમ. ૫૨૦૫ જોવામાં આવેલ જે.કિ. રૂા. ૧૫,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલ અને મજકુરને પકડવા પર બાકી રાખવામાં આવેલ અને વિગતવારનું પંચનામું

કરી ત્યારબાદ આરોપી વિરૂદ્ધ અનીરૂદ્ધસિંહ સુરૂભા ઝાલા નાઓએ ફરિયાદ આપેલ. પી.એસ.ઓ. શ્રીએ સદર ગુન્હો રજીસ્ટર લઇ ગુન્હાની આગળની તપાસ તેઓને સોંપેલ. તેઓએ તપાસ સંભાળ્યા બાદ રેઇડ દરમિયાન સેમ્પલ તરીકે લીધેલ હતી તે એફ.એસ.એલ.ને પરીક્ષણ અર્થે મોકલી આપેલ. તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના નોંધેલા તથા આરોપીને અટક કરવા અંગે તજવીજ કરેલ તથા તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલ.

સદર ફરિયાદીની આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પંચો અગાઉ ઘણી વખત પંચ તરીકે રહી ચુકેલા છે. કહેવાતી રેઇડ વાળો વિસ્તાર છે તે જાહેર વિસ્તાર છે તેમજ આજુબાજુ માણસોની અવર જવર ચાલુ હોય છે. તેઓએ તપાસ દરમિયાન પોલીસ સાહેદો સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના જવાબ લીધેલ નથી.

૯. સદર કામે આંક-૪૭ અને આંક-૪૮ થી રજુ પંચનામાઓની હકીકતો પુરવાર કરવા અનુક્રમે પંચસાહેદ સીરાજભાઇ હારૂનભાઇ ચૌહાણને આંક-૪૬ થી તથા પંચસાહેદ કૌશલભાઇ નલીનભાઇ કારેલીયાને આંક-૫૭ થી તપાસેલા છે. સદર પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, સદર પંચસાહેદો તેમની જુબાની દરમિયાન આંક-૪૭,૪૮ થી રજુ પંચનામાઓ રજુ રાખે છે પરંતુ, પંચનામામાં સહી કર્યા સિવાયની કોઈ વિગતોને પંચસાહેદો સમર્થન આપતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરી બાદમાં અદાલતની પરવાનગીથી ઉલટતપાસમાં સુચક સવાલો પુછતાં તેમાં પણ સદર પંચસાહેદો પંચનામાની કોઈ વિગતોને સમર્થન આપતાં નથી. આમ, સદર પંચસાહેદોના જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ તથા ફરીયાદપક્ષના કેસને

કોઈ સમર્થન મળેલ નથી.

૧૦. ફરિયાદપક્ષે આ કામે આંક-૫૫ થી ફરિયાદી અનિરૂદ્ધસિંહ સુરૂભા ઝાલા નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૩૧.૫.૨૦૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ કલાક ૦૦-૦૦ વાગ્યાથી પો.સ્ટે. તાબાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ધોરાજી નેશનલ હાઇવે રોડ પાણીના ટાકા પાસે આવેલ વેલનાથ હોટલ પાસે આવતા અગાઉ ઇંગ્લીશ દારૂના ગુન્હામાં પકડાયેલ બોઘા રામા શામળા તેને હવાલાવાલુ મોટરસાયકલ લઇ શંકાસ્પદ હીલચાલ કરતો હોય જેથી તેની વોચમાં રહેતા તેનો પીછો કરતા તે રોયલ સ્કુલ પાસે આવેલ કેનાલ વાળા રસ્તે જતો હોય અને કેનાલથી ડાબી બાજુ સામે કાંઠે આવેલ વીડીમાં તેનુ મો.સા. લઇને જતો હોય તેની પાછલ જતા મજકુર બોઘાભાઇને શંકા જતા તે તેઓને ઓળખી ગયેલ અને વીડીમાં પોતાનુ મો.સા.ની લાઇટ બંધ કરી મો.સા. મુકીને વીડીમાં જતો રહેલ બાદ તેઓએ તેની રાજ જોતા તે વીડીમાંથી પાછો ન આવતા તેનો મો.સા. પાસે જઇ ટોર્ચ લાઇટના અજવાળે જોતા મો.સા.ની બાજુમાં જોતા સફેદ પુઠાના બોક્ષ પડેલ હોય જેમાં ચેક કરતા ભારતીય બનાવટની પરપ્રાતીંય ઇંગ્લીશ દારૂની સીલપેક બોટલો જોવામાં આવતા તુરત જ બે રાહદારી માણસોને પંચ તરીકે બોલાવી પંચો રૂબરૂ બોક્ષ ગણતા તે નંગ-૫ હોય જે બધા બોક્ષ ખોલી અંદર જોતા ૪ બોક્ષમાં કુલ-૪૮ નંગ કાચની સીલપેક બોટલો હોય જે બોક્ષમાં કુલ-૮ બોટલો હોય જે તમામ એકસરખી હોય તેમાં એક બોટલ બહાર કાઢી પંચો રૂબરૂ જોતા ભારતીય બનાવટની પરપ્રાતીંય ઇંગ્લીશ દારૂની સીલપેક હોય જે એક બોટલની કિ.રૂા.૩૦૦/- ગણી પંચોની સહી વાળી કાપલી લગાડી લાખ દોરાથી પો.ઇ.ધોરાજીના હોદ્દાનુ સીલ કરી કેમકલ તપાસણી અર્થે કબજે કરેલ અને બાકીના બોટલો નંગ-૫૫

કિ.રૂા.૧૬,૫૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ તથા મો.સા. જોતા કાળા કલરનુ લાલ પટ્ટાવાળુ હિરો હોન્ડા જેના રજી.નં.જીજે.૩.ડી. એમ. ૫૨૦૫ જોવામાં આવેલ જે.કિ. રૂા. ૧૫,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલ અને મજકુરને પકડવા પર બાકી રાખવામાં આવેલ અને વિગતવારનું પંચનામું કરી ત્યારબાદ આરોપી વિરૂદ્ધ તેઓએ ફરિયાદ આપેલ. આરોપીઓને તેઓ ઓળખે છે.

સદર ફરિયાદીની આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલેલ છે કે, તેઓ પેટ્રોલીંગમાં કયા વાહનમાં નીકળેલા હતા તેમજ તેઓ રજીસ્ટ્રેશન નંબર કયો હતો તે કંઇ કંપનીનુ વાહન હતુ તેની સમગ્ર વિગત સ્ટેશન ડાયરીમાં નોંધેલ નથી તેમજ તેમની ફરિયાદમાં પણ તેઓએ આવી હકીકત જણાવેલ નથી. કલાક ૦૦-૦૦ વાગ્યે નીકળ્યા બાદ તેઓ કઇ કઇ જગ્યાએ પેટ્રોલીંગમાં ગયેલા તે અંગેની કોઇ વિગત ફરિયાદમાં જણાવેલ નથી. સવાલઃ- તમોએ તમારી એફ.આઇ.આરમાં બાતમીદારનું નામ જણાવેલુ છે? જવાબઃ- અમોને કોઇ બાતમી ન હતી. શંકાના આધારે પુછપરછ કરેલી. છે. તા.૨૫.૬.૨૦૨૦ ના રોજ તેમની ફરજ કેટલા વાગ્યાથી કેટલા વાગ્યા સુધી કયાં હતી તેની વિગત તપાસના કામે જાહેર કરેલ નથી.

**૧૧.** વધુમાં, સમગ્ર કેસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદપક્ષ દ્વારા ઉપરોકત સાહેદોના-પુરાવા રજુ કરવામાં આવેલ છે, તે સમગ્ર પુરાવાઓની સ્વતંત્ર અને સંયુકત રીતે તુલના કરીએ તો, સદર કામની ચાર્જશીટ જોઈએ તો પંચસાહેદો સિવાય અન્ય કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. બનાવવાળી જગ્યાએથી સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં કોઈપણ સ્વતંત્ર સાહેદના નિવેદનો મેળવેલા નથી. તેમજ તેઓએ તપાસ દરમિયાન કહેવાતી લીકર કંપનીના માલિક કે

મેનેજર કે વહીવટકર્તાના તપાસના કામે જવાબ લીધેલ નથી કે બેચ અંગે ખરાઈ કરેલ નથી. વધુમાં, જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ છે તે આરોપીની માલિકી કે કબ્જા ભોગવટાની આવેલ હોવા અંગે પણ ફરીયાદપક્ષના રજુ પુરાવાથી કાંઈ પુરવાર થતુ નથી. તે સંજોગોમાં જે મુદ્દામાલ મળેલ છે તે આરોપીનો હોવા સંબંધી તથા આરોપીના કબ્જા ભોગવટામાથી મળી આવેલ હોવા અંગે વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે. ફરિયાદપક્ષે મુદ્દામાલ દારૂ હોવા સંબંધે ન્યાય વિજ્ઞાન પ્રયોગશાળાનું પ્રમાણપત્ર પણ મેળવી રજુ કરેલ નથી.

**૧૨.** ઉપરોકત ચર્ચા કરેલ સમગ્ર પુરાવાની હકીકતો ધ્યાને લેતા, હાલના કેસમાં ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદોના પુરાવાથી અગર તો અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. તેમજ આગળ ચર્ચા કર્યા મુજબ મળી આવેલ મુદ્દામાલ દારૂ હોવાનું શંકાસ્પદ છે. વધુમાં, આરોપીઓના કબ્જા ભોગવટામાંથી અગર તો આરોપીઓની માલીકી કે કબ્જા ભોગવટાની જગ્યામાંથી દારૂ મળી આવ્યાનું પણ નિઃશંકપણે કાંઈ પુરવાર થતુ નથી. તે સંજોગોમાં આરોપીઓને હાલના પ્રોહીબીશનના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી અને તે મુજબ ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## // હુ ક મ //

૧. આરોપી નં.૧બોઘાભાઈ રામાભાઈ શામળા, રહે. ભાદર ડેમ,ધોરાજી. નં.૨. પુંજાભાઈ મેરાભાઈ શામળા, રહે.ગાંધીગ્રામ, લીરબાઈ પરા,જુનાગઢ. નં.૩. રાહુલભાઈ રાણાભાઈ ચાવડા, હે.ગળોદર, તા.માળીયાહાટીના,જી.ગીરસોમનાથ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-

૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(ઇ), ૧૧૬(બી),૯૮(૨)૮૧, મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

**૨.** અપીલ સમય બાદ, મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ વાહન અંગે અગાઉ જો કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ કરવામાં આવે છે અને જો કોઇ હુકમ થયેલ ન હોય તો તેના ખરા માલિકની ખરાઇ કરી પરત આપવાનો હુકમ કરવામાં આવે છે અને મુદ્દામાલ દારૂનો ધારા–ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** આરોપીઓના અગાઉ આપેલ જામીન જો ચાલુ રાખવા માંગતા હોય તો તે મુજબની કાર્યવાહી કરવી અથવા જો તે જામીન ચાલુ રાખવા ન માંગતા હોય તો નવા જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજ તા.૦૮ માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

સ્થળઃ–ધોરાજી.
તા.૦૮/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ–જીજે૦૧૨૫૮)